PAGE NO.

DATE / /

નામ :- આહિર પ્રિયા દિપક ભાઇ

Roll No :- 275

Sub :- COC

PRN No :- COC2025275

Sign :- Priya.

M T W T F S S
Page No.:
Date:
YOUVA



# * મુલાકાત પદ્ધતિ *

મુલાકાત પદ્ધતિ એ માહિતી એકત્ર કરવાની એવી પદ્ધતિ છે જેમાં સંશોધક, શિક્ષક, કાઉન્સેલર અથવા ઇન્ટરવ્યુ લેનાર વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે સીધી, સામસામે અથવા આયોજનબદ્ધ વાતચીત કરીને પ્રશ્નો પૂછે છે તેના જવાબો પરથી જરૂરી માહિતી મેળવે છે. આ પદ્ધતિમાં માત્ર પ્રશ્નો જ નહીં પરંતુ સામેની વ્યક્તિની ભાવભંગિમા, અવાજનો સ્વર, લાગણીઓ અને પ્રતિભાવ પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

માહિતી એકત્ર કરવાની વિવિધ પદ્ધતિઓમાં મુલાકાત પદ્ધતિનું મહત્વ ખૂબ જ વિશેષ છે. જ્યારે કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી સીધી વાતચીત દ્વારા માહિતી, અનુભવ, વિચારો, લાગણીઓ અને સમસ્યાઓને સમજવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તે પ્રક્રિયાને મુલાકાત પદ્ધતિ કહેવાય છે. આ પદ્ધતિમાં પ્રશ્નોત્તર દ્વારા સામસામે વાતચીત થાય છે, જેમાં પૂછનાર અને જવાબ આપનાર વચ્ચે સીધો સંપર્ક રહે છે.

## * મુલાકાત પદ્ધતિની વ્યાખ્યાઓ :-

-○ સીધી વાતચીત દ્વારા માહિતી મેળવવાની પદ્ધતિને મુલાકાત પદ્ધતિ કહેવાય.

-○ સામસામે વાતચીત કરીને જરૂરી માહિતી એકત્ર કરવાની પદ્ધતિને મુલાકાત પદ્ધતિ કહેવાય.

-○ વ્યક્તિગત સંપર્ક દ્વારા વિશ્વસનીય માહિતી મેળવવાની પદ્ધતિને મુલાકાત પદ્ધતિ કહેવાય.

* મુલાકાત પદ્ધતિનું સ્વરૂપ :-

મુલાકાત પદ્ધતિમાં વાતચીતનું મહત્વનું સ્થાન છે. તેમાં પૂછનાર વ્યક્તિ યોગ્ય પ્રશ્નો તૈયાર કરે છે અને જવાબ આપનાર વ્યક્તિને આરામદાયક વાતાવરણમાં જવાબ આપવા માટે પ્રોત્સાહિત કરે છે. આ પદ્ધતિ લવચીક હોય છે, એટલે કે જવાબ અનુસાર નવા પ્રશ્નો પૂછાઈ શકે છે. તેથી માહિતી વધુ ઊંડાણપૂર્વક અને સાચી મળે છે.

* મુલાકાત પદ્ધતિના તત્વો :-

- મુલાકાત લેનાર
- મુલાકાત આપનાર
- પ્રશ્નો
- વાતચીતનું વાતાવરણ
- અવલોકન

* મુલાકાત પદ્ધતિના પ્રકાર :-

1. રચિત મુલાકાત
2. અરચિત મુલાકાત
3. અર્ધ-રચિત મુલાકાત
4. વ્યક્તિગત મુલાકાત
5. જૂથ મુલાકાત

1. રચિત મુલાકાત :-

રચિત મુલાકાત એ મુલાકાત પદ્ધતિનો એક મહત્વપૂર્ણ પ્રકાર છે. તેમાં પ્રશ્નો પહેલેથી નક્કી કરેલા, ક્રમબદ્ધ અને એકસરખા હોય છે. દરેક વ્યક્તિને એ જ પ્રશ્નો એ જ ક્રમમાં પૂછવામાં આવે છે, જેથી મળેલી માહિતીની તુલના અને વિશ્લેષણ સરળ બને.

- વ્યાખ્યા :-

જે મુલાકાતમાં પ્રશ્નો પહેલેથી તૈયાર અને નિશ્ચિત હોય તથા દરેક પ્રતિભાગીને એ જ પ્રશ્નો પૂછવામાં આવે, તેને રચિત મુલાકાત કહેવાય.

- પ્રશ્નાવલી અગાઉથી તૈયાર હોય.
- દરેક વ્યક્તિ માટે સમાન પ્રશ્નો.
- પ્રશ્નોનો ક્રમ નક્કી.
- જવાબો નોંધવાની વ્યવસ્થિત રીત.
- રચિત મુલાકાતના પ્રકાર :-

1. બંધ પ્રશ્નો
2. બહુવિકલ્પી પ્રશ્નો
3. સ્કેલ આધારિત પ્રશ્નો

* ફાયદા :-

1. તુલનાત્મક અભ્યાસ સરળ

2. પક્ષપાત ઓછું

3. સમય બચત

4. વિશ્લેષણ સરળ

5. વિશ્વસનીય પરિણામ

* ગેરફાયદા :-

1. લવચીકતા ઓછી

2. વ્યક્તિગત ઊંડાણ ઓછું

3. નવા મુદ્દા બહાર આવવાની શક્યતા ઓછી

4. ભાવનાત્મક પાસાં ઓછા સમજાય.

2. અરચિત મુલાકાત :-

અરચિત મુલાકાત એ મુલાકાત પદ્ધતિનો એવો પ્રકાર છે જેમાં પ્રશ્નો પહેલેથી નક્કી કરેલા હોતા નથી. વાતચીત સ્વતંત્ર રીતે આગળ વધે છે અને જવાબ આપનાર વ્યક્તિના જવાબો અનુસાર નવા પ્રશ્નો પૂછવામાં આવે છે. આ પદ્ધતિ વ્યક્તિના આંતરિક વિચારો, લાગણીઓ, અનુભવ અને સમસ્યાઓને ઊંડાણપૂર્વક સમજવા માટે અત્યંત ઉપયોગી છે.

Page No.:
Date:

* વ્યાખ્યા :-

જે મુલાકાતમાં પ્રશ્નોની કોઈ નિશ્ચિત યાદી કે ક્રમ ન હોય અને વાતચીત જવાબ અનુસાર આગળ વધે, તેને અરચિત મુલાકાત કહેવાય.

- પ્રશ્નો પહેલેથી નક્કી ન હોય,
- ખુલ્લી અને સ્વતંત્ર વાતચીત,
- લવચીકતા વધારે.
- વ્યક્તિને ખુલ્લું બોલવા પ્રોત્સાહન

* અરચિત મુલાકાતના પ્રકાર :-

1. ક્લિનિકલ મુલાકાત
2. કાઉન્સેલિંગ મુલાકાત
3. કેસ સ્ટડી મુલાકાત
4. ડાયગ્નોસ્ટિક મુલાકાત

* ફાયદા :-

1. ઊંડાણપૂર્વક અને વિગતવાર માહિતી મળે.
2. વ્યક્તિ પોતાની લાગણીઓ ખુલ્લેઆમ વ્યક્ત કરે.

Priya

3. નવા મુદ્દા બહાર આવવાની શક્યતા વધારે.

* ગેરફાયદા :-

1. વધુ સમય લાગે,

2. તુલના કરવી મુશ્કેલ,

3. વિશ્લેષણ મુશ્કેલ.

3. અર્ધ-રચિત મુલાકાત :-

અર્ધ-રચિત મુલાકાત એ મુલાકાત પદ્ધતિનો એવો પ્રકાર છે જેમાં થોડા પ્રશ્નો પહેલેથી નક્કી કરેલા હોય છે. અને થોડા પ્રશ્નો વાતચીત દરમિયાન જવાબ મુજબ પૂછવામાં આવે છે. આ પદ્ધતિમાં રચિત મુલાકાતની વ્યવસ્થિતતા અને અરચિત મુલાકાતની લવચીકતા - બંનેનો સંયોજન જોવા મળે છે. તેથી આ પદ્ધતિને સૌથી પ્રચલિત અને અસરકારક માનવામાં આવે છે.

* વ્યાખ્યા *

જે મુલાકાતમાં કેટલાક પ્રશ્નો પૂર્વનિર્ધારિત હોય અને કેટલાક પ્રશ્નો જવાબ અનુસાર સ્વતંત્ર રીતે પૂછવામાં આવે, તેને અર્ધ-રચિત મુલાકાત કહેવાય.

→ પ્રશ્નોની આંશિક રીતે તૈયાર યાદી

- વ્યક્તિને ખુલ્લું બોલવાની તક
- નવા મુદ્દા બહાર લાવવાની શક્યતા

* ફાયદા :-

1. ઊંડાણપૂર્વક અને વિશ્વસનીય માહિતી મળે
2. તુલના અને વિશ્લેષણ શક્ય બને
3. રચિત અને અરચિત બંનેના લાભ મળે
4. વ્યક્તિગત અનુભવો સારી રીતે સમજાય.

* ગેરફાયદા :-

1. સમય વધારે લાગી શકે
2. વિશ્લેષણમાં મુશ્કેલી
3. દરેક માટે પ્રશ્નો સંપૂર્ણ સમાન ન રહે.

4. વ્યક્તિગત મુલાકાત :-

વ્યક્તિગત મુલાકાત એ માં એક ઇન્ટરવ્યુ લેનાર અને એક જ વ્યક્તિ વચ્ચે સામસામે, જાણી અને સીધી વાતચીત થાય છે. આ પદ્ધતિમાં વ્યક્તિના વિચારો, લાગણીઓ અને માનસિક સ્થિતિને ઊંડાણપૂર્વક સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

* વ્યાખ્યા :-

જ્યારે એક વ્યક્તિ સાથે એકલામાં, સામસામે વાતચીત કરીને તેની પાસેથી માહિતી, અનુભવ અને લાગણીઓ મેળવવામાં આવે, તેને વ્યક્તિગત મુલાકાત કહેવાય.

- ખાનગી અને વિશ્વાસપૂર્ણ વાતાવરણ
- સીધી અને વ્યક્તિ-કેન્દ્રિત વાતચીત
- ભાવનાઓ અને હાવભાવનું અવલોકન

* ફાયદા :-

- ઊંડાણપૂર્વક અને સાચી માહિતી મળે.
- વિશ્વાસ અને ગુપ્તતા જળવાય
- ગેરસમજ તરત દૂર કરી શકાય.

* ગેરફાયદા :-

- સમય વધુ લાગે
- મોટા સમૂહ માટે યોગ્ય નથી
- ખર્ચ વધારે
- દરેક વ્યક્તિ ખુલ્લું બોલે એવું જરૂરી નથી.

૧

## ૭. જૂથ મુલાકાત :-

જૂથ મુલાકાતમાં એક ઇન્ટરવ્યૂ લેનાર અને એકથી વધુ વ્યક્તિઓની વચ્ચે એક સાથે વાતચીત થાય છે. આ પદ્ધતિમાં સમૂહમાં ચર્ચા થવાથી વ્યક્તિઓના વિચારો, અભિપ્રાયો, વલણો, પરસ્પર ક્રિયા અને સામાજિક વર્તન સમજવામાં મદદ મળે છે.

-o વ્યાખ્યા :-

જ્યારે એક ઇન્ટરવ્યૂ લેનાર એક સાથે અનેક વ્યક્તિઓ સાથે ચર્ચા કરીને માહિતી મેળવે, તેને જૂથ મુલાકાત કહેવાય.

-o સમૂહ આધારિત ચર્ચા.

-o સભ્યો વચ્ચે પરસ્પર ક્રિયા

-o સમય અને ખર્ચની બચત

* જૂથ મુલાકાતના પ્રકાર :-

-o ફોકસ ગ્રુપ ઇન્ટરવ્યૂ

-o શૈક્ષણિક જૂથ મુલાકાત

-o સામાજિક સંશોધન માટે જૂથ મુલાકાત

-o નોકરી માટેની જૂથ મુલાકાત

* ફાયદા :-

-o ઓછા સમયમાં વધુ માહિતી મળે

-o શક્તિ અને સમય બંનેમાં બચત

-o વિવિધ દ્રષ્ટિકોણ મળે

* ગેરફાયદા :-

-o શરમાળ વ્યક્તિઓ ઓછું બોલે

-o કેટલાક લોકો બધા પર હાવી થાય

-o ગુપ્તતા જાળવવી મુશ્કેલ.

આમ કહી શકાય કે મુલાકાત પદ્ધતિએ માહિતી એકત્ર કરવાની અત્યંત અસરકારક અને મહત્વપૂર્ણ પદ્ધતિ છે. તેમાં વ્યક્તિ સાથે સીધી વાતચીત થતી હોવાથી માહિતી વધુ સાચી, સ્પષ્ટ અને વિશ્વસનીય મળે છે. ખાસ કરીને મનોવિજ્ઞાન, શિક્ષણ અને કાઉન્સેલિંગ જેવા ક્ષેત્રોમાં મુલાકાત પદ્ધતિ અગત્યની ગણાય છે.

Page No.:
Date:

11

# * પ્રશ્નાવલી પદ્ધતિ *

પ્રશ્નાવલી પદ્ધતિ એ માહિતી સંગ્રહ કરવાની એક વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત સંશોધન પદ્ધતિ છે. આ પદ્ધતિમાં સંશોધક દ્વારા નિર્ધારિત હેતુને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલા પ્રશ્નોની યાદી જવાબદાતાઓને આપવામાં આવે છે અને તેમના લેખિત જવાબોના આધારે માહિતી એકત્રિત કરવામાં આવે છે.

-> પ્રશ્નાવલી પદ્ધતિનો અર્થ :-

પ્રશ્નાવલી એટલે એવા પ્રશ્નોનો સમૂહ જે સંશોધનના ઉદ્દેશ્ય અનુસાર તૈયાર કરવામાં આવે છે. તેમાં જવાબદાર પોતે જ પ્રશ્નો વાંચીને અને સમજીને પોતાના વિચારો, અનુભવ, અભિપ્રાય અથવા માહિતી લેખિત સ્વરૂપે આપે છે. આથી તેને સ્વ-અહેવાલ પદ્ધતિ પણ કહેવામાં આવે છે.

* પ્રશ્નાવલી પદ્ધતિની વિશેષતાઓ :-

1. પ્રશ્નો લેખિત સ્વરૂપમાં હોય છે.
2. જવાબદાતા પોતે જ જવાબ આપે છે.
3. એકસરખા પ્રશ્નો બધાને પૂછવામાં આવે છે.
4. માહિતી એકઠા કરવાની પ્રક્રિયા નિષ્પક્ષ હોય છે.
5. વિશ્લેષણ માટે માહિતી માનકીકૃત બને છે.

* પ્રશ્નાવલી પદ્ધતિના પ્રકાર :-

1. ખુલ્લા પ્રકારની પ્રશ્નાવલી
2. બંધ પ્રકારની પ્રશ્નાવલી
3. મિશ્ર પ્રકારની પ્રશ્નાવલી

1. ખુલ્લા પ્રકારની પ્રશ્નાવલી :-

ખુલ્લી પ્રશ્નાવલી પદ્ધતિ એવી સંશોધન પદ્ધતિ છે જેમાં પ્રશ્નોના જવાબ માટે નિશ્ચિત વિકલ્પો આપવામાં આવતા નથી. પ્રતિસાદ આપનાર વ્યક્તિ પોતાની ભાષામાં, પોતાના વિચારો અને અનુભવ મુજબ જવાબ આપે છે.

* લાભ :-

1. વિષયની ઊંડાણપૂર્વક સમજ મળે.
2. નવા વિચારો અને મુદ્દાઓ સામે આવે
3. પ્રતિસાદ આપનારને સ્વતંત્રતાથી બોલવાની તક.

* મર્યાદા :-

1. જવાબોનું વિશ્લેષણ સમયખાઉ
2. સરખામણી કરવી મુશ્કેલ
3. ભાષા અને લેખન ક્ષમતા પર આધાર.

* બંધ પ્રકારની પ્રશ્નાવલી :-

બંધ પ્રશ્નાવલી પદ્ધતિ એવી સંશોધન પદ્ધતિ છે જેમાં પ્રશ્નોના જવાબ માટે નિશ્ચિત વિકલ્પો (હા/ના, બહુવિધ વિકલ્પો, સ્કેલ વગેરે) આપવામાં આવે છે. પ્રતિસાદ આપનાર વ્યક્તિએ આપેલ વિકલ્પોમાંથી જ જવાબ પસંદ કરવો પડે છે.

* લાભ :-

1. વિશ્લેષણ સરળ અને ઝડપી
2. મોટા સમૂહમાંથી માહિતી મેળવી શકાય
3. પરિણામો વિશ્વસનીય અને આંકડાકીય રીતે ઉપયોગ

* મર્યાદાઓ :-

1. પ્રતિસાદ આપનારના વિચારોની ઊંડાણપૂર્વક સમજ નથી મળતી.
2. વિકલ્પોની મર્યાદા
3. નવા વિચારો બહાર આવવાની શક્યતા ઓછી

3. મિશ્ર પ્રશ્નાવલી પદ્ધતિ :-

મિશ્ર પ્રશ્નાવલી પદ્ધતિ એવી સંશોધન પદ્ધતિ છે જેમાં બંધ પ્રશ્નો અને ખુલ્લા પ્રશ્નો બંનેનો સમાવેશ થાય છે. આ પદ્ધતિથી પરિણામાત્મક તેમજ ગુણાત્મક બંને પ્રકારની માહિતી મળે છે

Priya

* લાભ :-

1. આંકડાકીય વિશ્લેષણ સાથે વિચારોની સમજ.

2. પ્રતિસાદ આપનારને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની તક

3. સંશોધનના પરિણામ વધુ સ્પષ્ટ અને અર્થપૂર્ણ.

* મર્યાદા :-

1. પ્રશ્નાવલી લાંબી બને છે

2. સમય અને મહેનત વધુ લાગે

3. વિશ્લેષણ માટે વધુ કુશળતા જોઈએ.

* ઉપયોગ :-

1. માનસિક અભ્યાસમાં 2. જનમત સર્વેક્ષણમાં

3. બજાર સંશોધનમાં 4. સરકારી - ખાનગી સંસ્થાઓમાં

પ્રશ્નાવલી પદ્ધતિ માહિતી સંગ્રહ માટે એક સરળ, અસરકારક અને વૈજ્ઞાનિક પદ્ધતિ છે. જો પ્રશ્નાવલી યોગ્ય રીતે તૈયાર કરવામાં આવે તો તે સંશોધનને વિશ્વસનીય અને ઉપયોગી બનાવે છે.